Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH




## લક્ષ્મીનો પ્રભાવ

लक्ष्मि ! क्षमस्व वचनयिसिदं दुरुक्त-
मंधीभवंति पुरुषास्तदुपासनेन ।
नो चेत्कथं कमलपत्रविशालनेत्रो
नारायणः स्वपिति पन्नगभागतल्पे ॥

હરિગીત

હે લક્ષ્મી, આ અપશબ્દ માટે તું ક્ષમા કરજે મને,
તારા ઉપાસનથી ખરેખર આંધળા લોકો બને;
નહિ તો કમલપત્ર સરખા નેત્રવાળા શ્રી હરિ,
સિંધુ વિશે કાં કેમ પોઢે સર્પની શય્યા કરી.


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક ૫

ફાગણ
સં. ૨૦૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | ૬૧ |
| ૨ | વૈરાગ્ય-પદ | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૬૨ |
| ૩ | જ્ઞાનની પ્યાલી | ( પાદરાકર ) | ૬૩ |
| ૪ | શ્રી નવપદજીનું સ્તવન | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૬૩ |
| ૫ | ઝરણું | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૬૪ |
| ૬ | ચૈત્યવંદન-ચતુર્વિંશતિકા | ( પં. શ્રી સુશીલવિજયજી ) | ૬૬ |
| ૭ | ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૬૮ |
| ૮ | પાંચમી અન્યત્વ ભાવના | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૭૧ |
| ૯ | સોળ રોગ સંબંધી આગમિક ઉલ્લેખો | ( હીરાલાલ ર. કાપડીયા M A ) | ૭૩ |
| ૧૦ | સ્વીકાર | | ૭૬ |
| ૧૧ | સમાચાર સાર | | ટા. પે. ૩ |



રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ, ભાવનગર

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક મહિનાની પંદરમી તારીખ

૩ મુદ્રકનું નામ—હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના-ભારતીય, ઠેકાણું-આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભાની વતી, ખીમચંદ ચાંપશી શાહ-ભાવનગર

કયા દેશના ભારતીય, ઠેકાણું-ખારગેટ, ભાવનગર

૫ તંત્રી મંડળ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના-ભારતીય, ઠેકાણું-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર


૬ સામયિકના માલિકનું નામ-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

અમે આથી અમે જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧૩-૩-૧૯૬૦.

ખીમચંદ ચાં. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દે. શેઠ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] ફાગણ તા. ૧૫-૩-૬૦ [ અંક ૫

# सुभाषित

यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते ज्ञानेन शीलेन गुणेन कर्मणा ॥

( મનહર )

કસોટી કાઢીને કાપો તપાવીને ટીપો પછી,
કનક પરીક્ષા એમ ચાર રીતે થાય છેઃ
પુરુષ–પરીક્ષા પણ એવી રીતે જગતમાં,
ચાર ઉપાયથી કરી સહેલથી શકાય છે;
જ્ઞાન જોવું શીલ જોવું સદ્દગુણો જોવાય પછી,
પછી જોવું કામ તેના થકી કેવાં થાય છે;
એ ચારેમાં ઉત્તમ જણાય જો ઉત્તમ કો માનવી તો,
સો ટચના સુવર્ણની તુલ્ય તે ધરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈરાગ્ય પદ

રચયિતા— મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

(રાગ—તમે માયાની જાળમાં)

તમે માયાની જાળને, છોડી જંજાળને, જપીલો પ્રભુ ગુણગાનને
ચાર ગતિમાં ભમતા રે આજે, મળ્યો માનવભવ સુકાજે
શાને મુંઝાઓ માયામાં, એ તો કૂડી આ કાયમાં
જપીલો પ્રભુ ગુણગાનને

ચાર દિનની આ તો છે ચાંદની
પછી માટી થશે જિંદગાની
મત ફુલાઓ મોહમાં, ખોટા આ લોભમાં
જપીલો પ્રભુ ગુણગાનને

કેઈ ગયા ને કેઇ જાય છે
તું શીદ મને મલકાય છે?
શાને ભૂલે તું ભાન, માયામાં ગુલતાન
જપીલો પ્રભુ ગુણગાનને

તારા જીવનને તું તો અજવાળ
ધર્મ જીવનમાં સાચું રખવાળ
એનું લેને તું શરણુ સંસાર લે તરણુ
જપીલો પ્રભુ ગુણગાનને

છોડી દેને તું કાર્ય ભૂંડું
કહે લક્ષ્મીસાગર થાશે રૂડું
છે બાજી રે હાથમાં, લે ભાતું તું સાથમાં
જપીલો પ્રભુ ગુણગાનને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનની પ્યાલી

પીધી પીધી અમિ રસ પ્યાલી-ગુરુજી એ પાઇ છે.
જ્ઞાન પ્યાલીની રોમરોમ લાલી ખુમારી છાઇ છે.
ચઢી ખુમારી આનંદ મ હવે ન ઉતરે ઉગારી રે.
જગત ભુલાવું, સત્ય તુંહિં તુંહિં વાગી સિતારી
જ્ઞાનની પ્યાલી અનુભવ કાફી, પ્રેમ મશાલા ભારી રે ! ગુરુજી
ધ્યાન અગ્નિથી ખૂબ ઉકાળી, સંતજનોને પ્યારી !
ગુરુદયામૃત ભક્તિ પાત્રમાં, સર્વ સમર્પણ ધારી રે ! ગુરુજી
હોય પાત્ર તો સ્હેજે પામે, અજર અમર કરનારી,
પ્યાલી પીતાં ઓર ખુમારી, જન્મ મરણ દે ટાળી રે ! ગુરુજી
પ્રભુ પિછાન કરાવે પળમાં, એ સદ્‌ગુરુ બલિહારી,
આનંદ શાંતિની ઘેન ચઢે ને દિલડા દે અજવાળી રે ! ગુરુજી
મણિમય મસ્ત ફકીરી વ્યાપે, બ્રહ્મ ખુમારી નિહાળી ! ગુરુજી

**પાદરાકર**

# શ્રી નવપદજીનું સ્તવન

( રાગ—કાર્તિક મહિનો કામનો ને અણછાજતાં શણગાર )

શરદ પૂનમની ચાંદની ને, ચમકી માઝમ રાત
નવપદના પ્રભાવથી રે, ઊગ્યું રૂડું પ્રભાત
રાજા થયા રે-શ્રીપાળ-રાજા. ૧

કંચન વરણી દેહડી, કોઢ ગયો તતકાલ
સદ્‌ગુરુ વચન પાલતા રે, જીવન ઝાકઝમાલ-રાજા. ૨

ધર્મ કરતાં જીવને રે, સંકટ નવી હોય
દેવગુરુની સાધના રે, સિદ્ધચક્રમાં જોય-રાજા. ૩

આ ભવ ને પરભવમાં રે, નવપદજી આધાર
એનું શરણું જીવને રે, ઉતારે ભવપાર
ભવિ પૂજો રે ત્રિકાલ-રાજા. ૪

ધાતા ધ્યેય ને ધ્યાનથી રે, દિલમાં દિવા થાય
લક્ષ્મીસાગર જ્યોત જગાવી, ભવજલથી તરી જાય
ભવિ પૂજો રે ત્રિકાલ-રાજા. ૫

**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઝરણું

( આત્મા શુદ્ધ હોવા છતાં કર્મમલથી દૂષિત થયો છે. એ પ્રભુ પરમાત્માના ચરણે પોતે સર્વસ્વાર્પણ કરી દે તો તે પોતે પરમાત્મસ્વરૂપ થઈ મુક્તિ મેળવે. ઝરણાના રૂપકથી એ સમજાવવામાં આવ્યું છે. )

ઝરણું અતિ નાનું વહે ગામની પાસે
નિર્મળ પાણી જે પીતા તૃષા સહુ નાસે
છે સ્ફટિક સમું જસ રૂપ ઉજળું શાંત
આનંદ આપતું સર્વ ગુણૌઘ નિતાંત ૧

તેમાંહે મળીયો મેલ ગામલોકોનો
ગંદું તે બનતા ઘૃણા વધી ત્યાં માનો
એ પછી ગણાયું ખાળ નામની ગંગા
કચરો સહુ નાખે તુચ્છ ગણી તસ વ્યંગા. ૨

ઝરણું મન સોચે થઇ દશા શું મારી ?
નિંદાસ્પદ મુજને ક્ષુદ્ર ગણે નરનારી
હું હતું શુદ્ધ પણ સોબત મળતાં ખોટી
આવી મુજ પર આપત્તિ એહ બહુ મોટી. ૩

અંતર છે મારું સ્ફટિક સમું અતિ શુદ્ધ
સોબતથી બગડયું તિરસ્કાર્ય ને રૂક્ષ
નિર્મળ જે હોવે પૂજ્ય અને જગમાન્ય
સહવાસ સાધવો તેહતણો સન્માન્ય. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોચી ઇમ મનમાં વહે ગતિ ધરી મંદ
પાવન સરિતાનો શોધ કરે સ્વચ્છંદ
મલ મિશ્રિત પણ એ વધ્યો પ્રગતિપથ ધારી
નિર્મલ કરવા નિજ દેહ અને મન–વારી. ૫

દીઠી નદી તેને શુદ્ધ વિપુલ જ્યાં પાણી
પીતા સહુ થાતા તૃપ્ત વદે શુભ વાણી
પાપી ને સંતો તૃપ્ત થતાં ત્યાં આવી
કરી સ્નાન પાન થઇ શુદ્ધ થતા મન ભાળી. ૬

ત્યાં છાગ અને વળી વાઘ પીતા સંતોષ
ઝરણાને ગમિયું સ્થાન યોગ્ય મન ભાસે
તેણે મન ધાર્યું કરું સમર્પણ એમાં
સર્વસ્વ માહરું નામ ઠામ તન તેમાં. ૭

હું કોણ કિહાંથી આવ્યો શું મુજ નામ ?
ભૂલી જઉં મારું અહંપણું ને ઠામ
કર્તવ્ય માહરું નદીરૂપ વ્રત પાળું
તે વાળે તિમ મુજ આત્મપ્રદેશો વાળું. ૮

ઇમ કરતાં પોતે નદી રૂપથી મળીયું
તસ અહંકાર મન ક્ષણમાંહે ઓગળીયું
થઇ નિર્મલ કાયા મેલ બધો વિખરાયો
ગંગા નામે થઇ પવિત્ર જલથી ભરાયો. ૯

સાધી છે જેણે સમર્પણા આત્માની
મુક્તિ કર્મોની સહજ ભાવથી આણી
ઝરણા સમ આત્મા મલિન કર્મરજ સાથે
સ્વાર્પણ પ્રભુચરણ કરી મુક્તિને લાધે. ૧૦

**શ્રી બાલચંદ હીરાચંદ–'સાહિત્યચંદ્ર'**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवंदन–चतुर्विंशतिका

ભાવાર્થકાર–પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

## त्रयोविंशतितम–तीर्थङ्कर—

## श्रीपार्श्वनाथजिनेन्द्र–चैत्यवन्दनम् [ २३ ]

( पञ्चचामर-छन्दः )

श्रयामि तं जिनं सदा मुदा प्रमादवर्जितं,
स्वकीयवाग्विलासतो जितोरुमेघगर्जितम् ।
जगत्प्रकामकामितप्रदानदक्षमक्षतं,
पदं दधानमुच्चकैरकैतवोपलक्षितम् ॥ १ ॥

પ્રમાદથી રહિત, પોતાની વાણીના વિલાસથી મોટા મેઘના ગર્જારવને જીતનાર, જગતના અત્યંત મનોવાંછિતને દેવામાં કુશલ, અક્ષય પદને ધારણ કરનાર, ઉચ્ચ પ્રકારની સરળતાથી સહિત એવા તે [ પાર્શ્વનાથ– ] જિનને હું હર્ષપૂર્વક સર્વદા સેવું છું. ( ૧ )

सतामवद्यभेदकं प्रभूतसम्पदां पदं,
वलक्षपक्षसङ्गतं जनेक्षणक्षणप्रदम् ।
सदैव यस्य दर्शनं विशां विमर्दितैनसां,
निहन्त्यशातजातमात्मभाक्तिरक्तचेतसाम् ॥ २ ॥

સત્પુરુષોના પાપને ભેદનાર, વિપુલ સંપત્તિનું સ્થાન, શુકલપક્ષથી સંગત, જીવોના નયનને ઉત્સવ આપનાર, ભક્તિથી રંગાએલા ચિત્તવાળા અને પાપને મર્દન કરનાર પ્રાણીઓના દુઃખવૃંદને, જેનું દર્શન સર્વદા જ હણે છે. ( ૨ )

अवाप्य यत् प्रसादमादितः पुरुश्रियो नरा,
भवन्ति मुक्तिगामिनस्ततः प्रभाप्रभास्वराः ।
भजेयमाश्वसेनदेवदेवमेव सत्पदं,
तमुच्चमानसेन शुद्धबोधवृद्धिलाभदम् ॥ ३ ॥

જેની પ્રસન્નતાને પામીને શરૂઆતમાં ભૂરિસંપત્તિવાળા જીવો થાય છે, અને ત્યારપછી પ્રકૃષ્ટ જ્ઞાનથી અત્યંત પ્રકાશવાળા થયા છતાં મુક્તિગામી થાય છે.

ઉત્તમ છે ચરણ જેના અથવા સત્પુરુષોના સ્થાન અને શુદ્ધ બોધિની વૃદ્ધિના લાભને આપનાર એવા તે અશ્વસેન રાજાના પુત્ર દેવાધિદેવ[શ્રી પાર્શ્વનાથ પ્રભુ ]ને શુદ્ધ મનથી હું ભજું છું ( ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## चतुर्विंशतितम-तीर्थङ्कर—
## श्रीमहावीरजिनेन्द्र-चैत्यवन्दनम् [ २४ ]

( पृथ्वी-छन्दः )

वरेण्यगुणवारिधिः परमनिर्वृतः सर्वदा,
समस्तकमलानिधिः सुरनरेन्द्रकोटिश्रितः ।
जनालिसुखदायको विगतकर्मचारो जिनः
सुमुक्तजनसङ्गतस्त्वमसि वर्द्धमानप्रभो ! ॥ १ ॥

ઉત્તમ ગુણના સાગર, સર્વદા એકાન્ત સુખને પામેલા, સમસ્ત લક્ષ્મીના નિધાન, કરોડો સુરેન્દ્ર અને નરેન્દ્રથી સેવાએલા, જનવૃંદને સુખના દાતા, કર્મસમૂહથી રહિત, જિન અને ઉત્તમ સિદ્ધના જીવોને મળેલા એવા હે વર્ધમાન પ્રભો ! આપ છો. (૧)

जिनेन्द्र ! भवतोऽद्भुतं सुखमुदारबिम्बस्थितं,
विकारपरिवर्जितं परमशान्तमुद्राङ्कितम् ।
निरीक्ष्य मुदितेक्षणः क्षणमितोऽस्मि यद्भावनां,
जिनेश ! जगदीश्वरोद्भवतु सैव मे सर्वदा ॥ २ ॥

હે જિનેન્દ્ર ! વિકારથી રહિત અને પરમ શાન્ત મુદ્રાથી સહિત એવું આપનું ઉત્તમ મૂર્તિમાં રહેલું અદ્ભુત મુખ જોઇને, હર્ષિત નયનવાળો ક્ષણવાર જે ભાવનાને હું પામ્યો છું તે ભાવના હે જિનેશ ! હે જગદીશ્વર ! મને સર્વદા હો. (૨)

विवेकजनवल्लभं भुवि दुरात्मनां दुर्लभं,
दुरन्तदुरितव्यथाभरनिवारणे तत्परम् ।
तवाङ्घ्रिपदपद्मयोर्युगमनिन्द्य वीरप्रभो !,
प्रभूतसुखसिद्धये मम चिराय सम्पद्यताम् ॥ ३ ॥

વિશ્વમાં વિવેકિજનને પ્રિય, દુરાત્માઓને દુર્લભ, દુષ્ટ પાપની પીડાના સમૂહને દૂર કરવામાં તત્પર એવું સ્તુત્ય આપનું ચરણકમળ યુગલ, હે વીરપ્રભુ ! પ્રચુર સુખની સિદ્ધિને માટે મને સર્વદા હો. (૩)

पंन्यासश्रीसुशीलविजयगणिना गुम्फिता, वाचकश्रीक्षमाकल्याण-
गणिमणिप्रणीत 'श्रीचैत्यवन्दनचतुर्विंशतिकाया' भावार्थः समाप्तः ॥

| | |
|---|---|
| વીર સંવત્-૨૪૮૩, વિક્રમ સંવત્ ૨૦૧૩ના ચૈત્રમાસની શાશ્વતી શ્રીનવપદજી મ૦ની ઓળી | સ્થળ :— શ્રી અગાસીતીર્થ, જૈન ઉપાશ્રય |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ

લેખકઃ—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ

આપણે આપણી આંખોથી જોઇએ છીએ એટલે જોવાનું સાધન આપણી આંખ જ છે એ સ્વયં-સિદ્ધ છે. જેને જન્મથી જ આંખો નથી તેવાઓ કાંઇ પણ જોઇ શકતા નથી. તે માટે આપણે તેમની તરફ દયા અને કરુણાની લાગણીથી જોઇએ છીએ. અને આપણને આંખો મળી છે તેથી આપણે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. એક જન્માંધને પૂછવામાં આવ્યું કે ભાઇ, તને સ્વપ્ન આવે છે? ત્યારે તેણે કહ્યું હા ભાઇ, મને તો રોજ સ્વપ્નો આવ્યા જ કરે છે. અને તેમાં હું અનેક ઘટનાઓ જોઉં છું. મહેલ જોઉં છું અને ઝુંપડીઓ પણ જોઉં છું. નદી જોઉં છું તેમ પર્વતો પણ જોઉં છું, ઘરેણા જોઉં છું તેમ ફાટેલા કપડા પણ જોઉં છું. લાલરંગ જોઉં છું તેમ પીળો રંગ પણ મને જણાય છે. અંધારું જણાય છે તેમ અજવાળાનો પણ મને અનુભવ થાય છે. એ ક્ષણજીવી હોય છે એ વાત સાચી છે, પણ મારી અંતરંગ દૃષ્ટિ તો જાગૃત જ હોય છે. એ વસ્તુનો આપણે વિચાર કરીએ.

મુંબઇ, કલકત્તા કે દિલ્હી જેવા મોટા શહેરમાં આપણે રહેતા હોઇએ ત્યારે રસ્તે ચાલતા હજારો માણસો આપણી નજર સામે આવી જાય છે. દોડાદોડ ચાલેલી હોય છે. મોટારો અને વિવિધ વાહનોની અવરજવરમાંથી આપણે આપણો માર્ગ સહેજે કાપીએ છીએ. અનંત દૃશ્યોના પ્રતિબિંબો આપણી આંખમાં પડી જાય છે. ત્યારે કોઇ આપણને આવી પૂછે કે, અમુક રંગની મોટર આ રસ્તે ગઇ છે? અગર અમુક માણસ આ રસ્તે જતો તમારા જોવામાં આવ્યો કે? એનો જવાબ આપણે શું આપીએ? આપણે તો ઑફિસમાં કે દુકાને જવાની ઉતાવળમાં હોઇએ, અગર બજારમાં ખરીદી કરવા જતા હોઇએ. આપણી આંખમાં તે તે વસ્તુઓનું પ્રતિબિંબ પડેલું નહિં જ હોય એમ તો ન જ બનેલું હોય, આપણી આંખો તો સાફ ઉઘાડી હોય, આપણે જોતા હોઇએ, છતાં આપણે નિશ્ચયપૂર્વક તેનો જવાબ હકારમાં કે નકારમાં આપી શકતા નથી. એનું કારણ શું? આપણે દુકાનમાં, ઑફિસમાં કે બજારમાં કામે વળગેલા હોઈએ અગર રમતની જગ્યા ઉપર રમતમાં વળગેલા હોઇએ ત્યારે આપણી પાસેથી કોઇ કાંઇ ઉપાડી જાય છતાં આપણને તેનું સ્મરણ સરખું પણ હોતું નથી. એનું કારણ શું? કહેવું પડશે કે, કોઇ વસ્તુ તરફ જોવા માટે જેમ આંખો કામ કરતી હોય છે તેવી જ રીતે મન પણ જોડાએલું હોવું જોઇએ એ બન્ને વસ્તુઓ એટલે આંખ અને મન સાથે જોડાએલું હોય ત્યારે જ જોએલી વસ્તુ આપણે ધ્યાનમાં રાખી શકીએ છીએ. મન ઠેકાણે ન હોય તો આપણી આંખો બંધ જેવી જ રહે છે.

અવધિજ્ઞાન જે મહાત્માને પ્રાપ્ત થયેલું હોય છે તે અમુક હદ સુધી જે સામાન્ય માણસો જોઈ શકતા નથી તેવી વસ્તુઓ અને ઘટનાઓ સુખેથી જોઈ શકે છે. આ વાત ઘણાને ગળે ઉતરતી નથી. એઓ માને છે કે, આપણી દૃષ્ટિની જેટલી મર્યાદા છે તેટલી જ બધાઓની હોઈ શકે. તેથી વધુ દૃષ્ટિમર્યાદા હોવી અશક્ય છે. પ્રાણીશાસ્ત્રના વિજ્ઞાનવાદીઓએ એવું સિદ્ધ કરી બતાવેલું છે કે, મધુમક્ષિકા કે મધમાખને પાંચ છ આંખો હોય છે. અને આપણા જેવા માણસો સામાન્ય આંખે જે જોઈ શકતા નથી એવા અનેક ખાદ્ય વસ્તુ એ સહેજે જોઈ શકે છે. આટાના મોટા ઢગલામાંથી એકાદ નાનો કણ એ જોઈ લ્યે છે. તેમજ તેની ઘ્રાણેંદ્રિય એટલી તીક્ષ્ણ હોય છે કે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ માઈલ ઉપર અનેક જાતના ફૂલના ઝાડો હોય અને તેની ગંધમિશ્રિત થયેલી હોય, છતાં તેમાંથી પોતાને ખપતા ફૂલની ગંધ એ મેળવી લ્યે છે. આ તો એક કીટકની વાત થઈ. ઘણાઓને એની ખબર પણ નહીં હોય કે સમળી આકાશમાં ખૂબ ઊંચે ઊડે છે, છતાં પોતાને ખપતી વસ્તુ એ જોઈ શકે છે. એ ઉપરથી સ્થૂલ ચર્મચક્ષુથી પણ અનેક ઝીણી વસ્તુઓ દેખી શકાય છે. મધમાખની આંખોનો ઘણાઓએ વિચાર પણ નહીં કર્યો હોય. અતીંદ્રિય વસ્તુઓનું જ્ઞાન જ્યારે મનુષ્યમાં જાગે છે ત્યારે તે અનેક વસ્તુઓ જાણી અને જોઈ શકે છે. આત્માની અનંતી શક્તિનો પરિચય અનાયાસે થઇ જાય છે. આ જગતમાં અનેક મહાત્મા સંતપુરુષો થઇ ગયા. તેઓ દ્રષ્ટા અને જ્ઞાની હતા તેથી જ તેઓ સામાન્ય માણસ કરતાં વધારે જાણી અને જોઈ શકતા હતા.

જેઓ કેવળ સામાન્ય ઇંદ્રિયોને ગમ્ય એવી વસ્તુઓ પર જ આધાર રાખી દરેક વસ્તુનો વિચાર કરે છે, તેઓના જાણવામાં જ્યારે ઇંદ્રિયગોચર ન થઈ શકે એવી ઘટનાઓ સામે થએલી જુએ છે ત્યારે તેઓ વિચારમાં પડી જાય છે અને આમ બને જ કેમ એનો વિચાર કરે છે. તેઓ આત્માની શક્તિ અનંતી છે એ વસ્તુ તદ્દન ભૂલી જ જાય છે. છેતરપિંડી કરી લોકોને ભૂલાવામાં નાખનારા જગતમાં ઘણા જોવામાં આવે છે. તેથી બધી જ ઘટનાઓ એ રીતે થતી હશે એવી કલ્પના કરી મનને સમજાવવાનો તેઓ પ્રયત્ન કરે છે. જ્યારે ગત જન્મની અનુભવજન્ય અને તદ્દન સત્ય હકીકતો જોવામાં આવે છે અને તેમાં દરેક શંકાનો નિરાસ થયેલો જોવામાં આવે ત્યારે એવા એકાંત બુદ્ધિવાદીઓ પણ વિચારમાં પડી જાય છે. કોઇ મંત્રના ચમત્કાર, જાપનો મહિમા અને ધ્યાન ધારણાની સિદ્ધિનો પરિચય જોવામાં આવે છે ત્યારે પણ ઘણાઓને પોતાની બુદ્ધિથી પણ તેનો ઉકેલ જડી શક્તો નથી. ગુરુત્વાકર્ષણના નિયમો ઉલ્લંઘન કરી જ્યારે જડ વસ્તુઓ હવામાં તરંગિત કરવામાં આવે ત્યારે આપણે આશ્ચર્યમુગ્ધ થઈ જઇએ છીએ. છાતી અગર ઘુંટણ ઉપર પુસ્તક ઊંધું મૂકી જ્યારે તદ્દન અપરિચિત પુસ્તક વાંચવામાં આવે છે અને એકી સાથે અનેક શબ્દસમૂહો ધ્યાનમાં રાખી બોલી જવાય છે ત્યારે દરેક માણસ આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય છે.

આવા આશ્ચર્યકારક પ્રયોગો અમોએ પ્રત્યક્ષ જોયા અને અનુભવ્યા છે અને પારખ્યા પણ છે. એવા પ્રયોગોમાં કાંઇ યુક્તિ અગર છેતરપિંડી જેવું જરાએ કાંઇ નથી. એ બધી ઘટના નક્કર સત્ય જ છે એવી અમારી ખાત્રી છે, પણ પ્રયોગો કરનારાઓને કેવું આત્મિક નુકશાન થાય છે તે એઓ જાણતા નથી. એવી ઘટનાઓમાં આત્માના અહંભાવનો ઉપયોગ કરવો છે અને તેથી આત્માની ઘણી શક્તિ વેફડી નાખવામાં આવે છે. એ વસ્તુનું એ પ્રયોગો કરનારાઓને ભાન સરખું પણ હોતું નથી.

અહં અને મમ એનો એ ઉપયોગ છે. એ પછી તમાસો બતાવવા જેવું બની જાય છે અને મહાત્મા સ્થૂલિભદ્ર જેવી અવસ્થા થઇ જાય છે. ચમત્કાર બતાવવા માણસ લલચાય છે અને પરિણામ વિપરીત થાય છે. વાસ્તવિક આત્માને ઊંચે ચઢાવવો હોય તો **નાહં** અને **ન મમ**નો આશ્રય લેવો એ ઉચિત છે. પણ સાથેસાથે એવી દૃષ્ટિ મળવી અશક્ય છે એમ કહી શકાય નહીં. ચર્મચક્ષુથી જોઇ શકાય છે તેના કરતાં બીજી અદૃશ્ય લાગતી સૃષ્ટિ ઘણી વિશાલ છે અને પ્રસંગોપાત એના દર્શન થયા જ કરે છે અને અનેક સંત મહાત્માઓ એકધારો પ્રયત્ન ચાલુ રાખે છે ત્યારે એવી દિવ્ય જ્ઞાનચક્ષુઓ તેઓ મેળવી પણ શકે છે. સર્વ સાધારણ માણસો માટે તે અશક્યપ્રાય છે, તેથી તેવી ચક્ષુઓ હોતી જ નથી એમ શી રીતે કહી શકાય ? જે વસ્તુ પ્રયત્નસાધ્ય હોય તે એકદમ આપણી સામે આવી ઊભું રહે એ બને જ શી રીતે ?

ઘણા સાધુ-નામધારક લોકો મોટા મોટા સમારોહો, દોડાદોડ, વરઘોડાઓ, ધામધૂમ, સોનારૂપાની શોભા અને ભપકા પાછળ લોકોને દોરી સાચી આત્મિક ભાવનાને રોકી રોગનું મૂળ નહીં તપાસતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરની મલમપટ્ટીમાં પોતે ખૂબ ધર્મ કર્યાનું ગૌરવ મેળવવા પ્રયત્ન કરે છે, તેઓ ખરી રીતે ખોટી કીર્તિના ભોગ થઈ આત્મવંચના જ કરે છે, એમ કહેવામાં હરકત નથી. ભપકો કે દોડાદોડની ધમાલ એને ધર્મ કહેવો એ તદ્દન અસંગત છે, એમાં શંકા નથી. હાલના કાળમાં તો બુદ્ધિને આવાહન આપી તે માર્ગે સાચા ધર્મનો પ્રચાર કરવામાં આવે તો જ લોકોના ગળે ધર્મ ઉતારી શકાય તેમ છે, તદ્દન એકાંત અને બાહ્ય શોભામાં લોકોને આકર્ષી શકાય તેવો કાળ રહ્યો નથી. જુઓ, અમારા ધર્મમાં કેવી શોભા, કેવો ચળકાટ, કેવા સોનારૂપાના આભૂષણો, કેવા વરઘોડા! અને કેવી ધામધુમ છે. અને તેને લીધે અમારો ધર્મ સાચો છે એવું કહી લોકોને ધર્મ તરફ આકર્ષવાના દહાડા વહી ગયા છે, એ ભૂલવું નહીં જોઇએ.

ચર્મચક્ષુથી નહીં પણ જ્યારે આપણે દેશ-કાળને અનુસરી જ્ઞાનચક્ષુનો ઉપયોગ કરીશું ત્યારે જ આપણે આપણો ધર્મ કેવી રીતે શ્રેષ્ઠ છે તે લોકોને સમજાવી શકીશું. આપણે જાતીયતા, અસ્પૃશ્યતા જેવા અનિષ્ટોને વળગી રહી ધર્મનો પ્રચાર કરવાની વાતો હાંકયે જઈશું તેમજ સાથે સાથે કેવળ ભપકો અને દોડાદોડ લોકોને બતાવતા રહીશું ત્યાં સુધી લોકો એક કુતુહલ અને નાટ્યની દૃષ્ટિથી જ આપણી તરફ અને આપણા ધર્મ તરફ જોતા રહેશે એમાં શંકા નથી. આગળ વધીને એમ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ વાત એમ પણ કહી શકાય છે કે, વાણીયાઓની પાસે ખૂબ દ્રવ્ય છે. એમની પાસે માલમિલ્કત અખૂટ ભરેલી છે તેથી જ તેઓ આવો ઉડાઉ ખરચ કરી શકે છે. આપણી અણઆવડતનો એ નમૂનો છે એવી દૃષ્ટિથી લોકો આપણને ઓળખાવે છે.

મધ્યમ વર્ગ ભૂખે મરે, અસંખ્ય મંદિરોમાં પૂજા પણ કરવા કોઈ જાય નહીં, જૈન ધર્મ પાળવા ઉત્સુક એવા ઘણા ભાઈ બહેનોને જરાએ સહાય કરવાની બુદ્ધિ જાગે નહીં, ઘણા જ્ઞાની લેખકોના ગ્રંથ પ્રકાશન માટે મદદ અપાય નહીં, ઘણા પ્રાચીન મંદિરો ખંડીયેરોમાં ફેરવાઇ જાય એવી હાલતમાં આપણે ભપકા અને દોડાદોડમાં લાખો રૂપીઆનું પાણી કરતા રહી ખૂબ ધર્મ કર્યાના બણગા ફૂંકયા કરીએ એ આપણી વિચારની પામરતાનું આશ્ચર્યકારક દૃશ્ય જોઈ અમારા ધર્મધુરંધરો માટે કેવો વિચાર લોકો કરતા હશે એનો વિચાર જરા એકાંતમાં મન સાથે થાય તો કેવું સારું ?

આપણે ફક્ત ચર્મચક્ષુ ઉઘાડી રાખી જ્ઞાનચક્ષુ મીંચી લીધી છે એમાં શંકા નથી તેથી જ આવા અસંગત અને વિપરીત દૃશ્યો આપણને જોવા પડે છે.

શાસ્ત્રકારો પોકારી પોકારી કહે છે કે, કોઈ પણ કાર્યમાં વિવેકને અગ્રમાન આપવું જોઇએ. આપણે તો બસ એ વિવેકને તદ્દન ભૂલી ગયા છીએ. અને તેની જગ્યાએ આપણા મનની ધૂનમાં બેસે એવા જ કાર્યો અને ધર્મના નામે જુદા જ કામ હાથ ધરી રહ્યા છીએ એમાં શંકા નથી. ભપકો જોઈ કોઇ વાહવાહ પોકારે, જયજયકાર ઉચરે તેથી ફુલાવાની ખોટી ઘેલછા આપણામાં પેસી ગએલી છે, તેથી જ આપણે અવળે માર્ગે ધનનો ઉપયોગ કરીએ છીએ. એ લાલચ આપણને અવળે માર્ગે દોરી રહી છે, એનું આપણને ભાન સરખું પણ રહ્યું નથી એમ સ્પષ્ટ જણાય છે. આપણા ભક્તોને ચાર ભીંતોની હદમાં ગમે તેમ સમજાવી આવું ધર્મનું સ્વરૂપ હોય એમ કહીએ અને જીજી બોલાવીએ અને આત્મસંતુષ્ટતા મેળવીએ તેથી તે કાર્ય યોગ્ય છે એમ સિદ્ધ થઈ જતું નથી.

પોતાની આંખો મીંચી પોતાનું એક સંકુચિત જગત કલ્પી એમાં જ કૃતકૃત્યતા માની પોતાને ધન્ય માની લઇએ એવી આપણી સ્થિતિ થઈ છે. જગત કેટલું વિશાલ છે એ જોવા આપણે તૈયાર જ નથી. ધર્મક્ષેત્રમાં કેવા કેવા વિચારપ્રવાહો કામ કરી રહ્યા છે તેનો વિચાર નહીં કરતા 'ધર્મ ધર્મ' કરતા રહી ભપકાબાજી કરતા રહીશું તે જગતના જ્ઞાનક્ષેત્રમાં આપણી કિંમત શી ? સાચું સ્વરૂપ બતાવવા માટે તો દૃષ્ટિ વિશાલ કરવી પડશે. ચર્મચક્ષુ જરા બંધ કરી, આત્મસંશોધન કરી, જ્ઞાનચક્ષુ ઉઘાડી દરેક પગલું ભરવું પડશે. બધાઓને અને તેમાં પણ જે ધર્મધુરા ધારણ કરી બેઠા છે તેમની જ્ઞાનચક્ષુ ખુલે એ જ સદિચ્છા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચમી અન્યત્વ ભાવના

## મ્હારું કોઈ નથી અને હું કોઇનો નથી

લેખક-મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

ભૂતકાળમાં દરેક જન્મમાં ઘણા જીવોની સાથે સંબંધ બાંધ્યો. જ્ઞાનદૃષ્ટિએ જોતાં આ દુનિયામાં એવો કોઈ જીવાત્મા નથી કે જેની સાથે માબાપ, પુત્ર, સ્ત્રી તરીકેનો સંબંધ જોડ્યો ન હોય. આટલા બધા સંબંધો જોડ્યા, છતાં પણ આ વખતે કોઈ પૂર્વનો સંબંધી સહચારી થતો નથી, તો પછી આ વખતના સંબંધીઓ પાછળના વખતમાં સહચારી થશે તેની શી ખાત્રી છે ? કોઇ જ નહિ, તો પછી શા માટે મમતા રાખે છે, છોડી દે મમતાને. અને મનમાં નિશ્ચય કર કે મ્હારો કોઇ છે નહિ અને હું પણ કોઈનો છું નહિ.

**વિવેચન**-સૂયગડાંગસૂત્રમાં કહ્યું છે કે -

**न सा जाइ न सा जोणी, न तं कुलं न तं ठाणं ।**
**न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ॥**

અર્થાત્, એકેંદ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એ પાંચ જાતિઓમાં એવી કોઇ જાતિ નથી કે જેમાં એકેક જીવ અનંતીવાર ઉત્પન્ન થઇ મરણ પામ્યો ન હોય. યોનિ-જીવનનાં ઉત્પત્તિસ્થાન એકંદર ચોરાશી લાખ છે. તેમાંની એક યોનિ પણ એવી નથી કે જ્યાં અનંતીવાર ઉપજવાનું ન બન્યું હોય. એકંદરે એક કરોડ સાડીસત્તાણું લાખ કુલ કોટિ છે. તેમનું કોઇ પણ કુલ જન્મ-મરણ વિનાનું રહ્યું નથી તેમજ આ લોકમાં એવું કોઇ સ્થાન નથી, કોઇ આકાશપ્રદેશ નથી કે જ્યાં દરેક જીવે અનંતીવાર જન્મ અને મરણ કર્યાં ન હોય. જ્યાં જ્યાં આ જીવ જન્મ પામ્યો ત્યાં ત્યાં અનેક સંબંધીઓની સાથે સંબંધો બાંધ્યાં છે. કોઇ સ્થાને માબાપ ભાઇ ભગિની પુત્ર પુત્રી સ્ત્રી સાસુ સસરા એવાં એવાં અનેક સગપણો બાંધ્યાં. શાસ્ત્રકાર કહે છે કે દુનિયામાંના સઘળા જીવો સાથે દરેક જીવે અનંતાનંત સંબંધો બાંધ્યા છે. કોઇ પણ જીવ એવો નથી રહ્યો કે જેની સાથે કાંઇ ને કાંઇ સંબંધ બાંધ્યો ન હોય. આ બધા સંબંધો જો કાયમનાં હોય તો એકેક જીવને સંબંધીઓની એટલી સહાય મળે કે તેને કોઇ જાતની તંગી ભોગવવી જ પડે નહિ, પણ તે સંબંધ કાયમનો બંધાતો નથી કિન્તુ ક્ષણિક સંબંધ છે. શ્રી આનંદઘનજી રૂષભદેવની-સ્તુતિ કરતાં કહે છે કે-

પ્રીતસગાઇ રે જગમાં સહુ કહી રે.
પ્રીતસગાઇ ન કોય.
પ્રીતસગાઇ તે નિરુપાધિક કહી રે
સોપાધિક ધન ખોય-
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

અર્થાત્-જગતમાં સર્વ જીવોની સાથે પ્રીતિ-સગપણ બાંધ્યું પણ અંતે કોઇ સગું થયું નહિ. કાયમની પ્રીતિ ક્યાંય પણ જોવામાં આવી નહિ. તેનું કારણ એટલું જ કે જગત્ જનોની સાથે જે કાંઇ સંબંધ બાંધવામાં આવે છે તે કંઇ ને કંઈ સ્વાર્થ માટે. માબાપ અને પુત્રનો સંબંધ જન્મથી કુદરતી બંધાય છે એ ખરૂં, પણ માબાપના મનમાં એક જાતની આશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે કે આ છોકરો મ્હોટો થશે એટલે અમારું ઘડપણ પાળશે અને અમારું નામ રાખશે. આવી આશાની ઉપાધિથી માબાપનો પ્રેમ છોકરા ઉપર રહે છે. કોઇ પણ કારણથી જો તે આશા ઊડી જાય તો પ્રેમ પણ ઊડી જાય. એવી જ રીતે દુનિયાના સંબંધીઓના સંબંધમાં–પ્રેમમાં કંઇ ને કંઇ ઉપાધિ-સ્વાર્થ રહે છે. તેથી તે પ્રેમ ઉપાધિના અસ્તિત્વ સુધી ટકે છે, પછી લુપ્ત થાય છે. ખરો પ્રેમ તે નિરુપાધિક-નિઃસ્વાર્થી પ્રેમ છે. તેવો પ્રેમ માત્ર સ્વસ્વરૂપની સાથે જ બંધાય છે. અને તે જ ખરો પ્રેમ છે પણ તે પ્રેમનો પ્રવાહ ગુપ્ત છે. અંતરમાંથી પ્રગટે છે. બહારથી તેની આવક નથી. બહારના સંબંધીઓનો પ્રેમ ઉપરકહ્યું તેમ સોપાધિક અને સ્વલ્પકાળસ્થાયી છે. તે બીનાનું સ્પષ્ટીકરણ કરતાં **संयोग एष खगवृक्षवत्** એ વાકયથી ઝાડ ઉપર પક્ષીઓના સમાગમનું દૃષ્ટાંત આપ્યું છે. સાંજે જુદી જુદી દિશાએથી પક્ષીઓ આવી ઝાડ ઉપર બેસે છે. રાત્રી પસાર કરી સવાર થતાં સૌ જુદાં પડી જાય છે. દિવસે પોતપોતાનો ખોરાક મેળવવામાં મશગૂલ બની જઇ રાત્રિએ સંબંધીએના સમાગમનું ભાન ભૂલી જાય છે તેવી જ રીતે એક કુળરૂપ વૃક્ષને આશ્રયે જુદી જુદી યોનિમાંથી આવેલા જીવોનો સમાગમ થાય છે. જીવનરૂપ શાખાને આશરે તેમની સ્થિતિ થાય છે. આયુષ્યરૂપી રાત્રિ પૂરી થતાં સૌ જુદાં પડી જાય છે. મરણનો પડદો પડતાં સર્વસંબંધીઓનો સંબંધ છુપાઇ જાય છે. બીજા જન્મમાં પૂર્વનાં સગાંઓ પૈકી કોઇ કોઇને ઓળખતું નથી. તેથી કદાચ પૂર્વનાં સગાંઓ દુશ્મન થાય છે અને પૂર્વનાં દુશ્મન આ ભવનાં સગાં બને છે. જન્મપરંપરામાં જ્ઞાનીઓએ કીધેલ છે કે, “મ્હારું કોઇ નથી અને હું કોઇનો નથી.” જો આ વાકયનો ભાવાર્થ સમજી જાય ને અંતરમાં ઉતારે તો આત્મા જલ્દી ભવસમુદ્ર તરી જાય.

---

**काकस्य गात्रं यदि कांचनस्य माणिक्यरत्नं यदि चंचुदेशे ।**
**एकैकपक्षे ग्रथितं मणीनां तथापि काको न तु राजहंसः ॥**

**મંદાક્રાંતા**

આખે અંગે કનક સરખો ઓપ રૂડો ચડાવો,
મોતી પન્ના મનહરમણી ચાંચમાંહે જડાવો;
પાંખે પાંખે અમુલ નિલમો ને મઢાવો જ હીરા,
તોયે થાયે કદિક પણ શું કાગ તે હંસ વીરા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોળ રોગ સંબંધી આગમિક ઉલ્લેખો

શ્રી હીરાલાલ ર કાપડિયા M. A.

જૈન આગમોમાં જાતજાતના વિષયોનું નિરૂપણ જોવાય છે. એમાં કેવળ ધાર્મિક બાબતો વિષે માહિતી ન અપાતાં પ્રસંગવશાત્ અન્ય બાબતો–સાંસારિક બાબતો પણ આલેખાઈ છે. આ પરિસ્થિતિમાં કોઈ કોઈ આગમમાં રોગો અને એની સોળની સંખ્યા વિષે ઉલ્લેખ જોવાય છે. દા. ત. નાયાધમ્મકહા-(સુય૦ ૧, અ. ૧૩, સુ. ૯૪)માં નંદને એકી સાથે સોળ રોગ થયાની વિગત નીચે મુજબ અપાઈ છે :—

“ तए णं तस्स नन्दस्स मणियारसेट्ठिस्स अन्नया कयाई सरीरगंसि सोलस [1]रोगायङ्का पाउब्भूया, तं जहा—

“ सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसा अजीरए दिट्ठीमुद्धसूले अगारए।
अच्छिवेयणा कण्णवेयणा कण्डू दउकरे कोढे।”

અનગાર શેલકને અંગે સૂ. ૫૭માં રોગાયંક, કંડુય, દાહ અને પિત્તજ્જર શબ્દો વપરાયા છે. ના૦ ધ૦ ઉપર અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૨૦માં વિવૃત્તિ રચી એમાં ઉપર્યુક્ત શબ્દોને અંગે નીચે મુજબ સ્પષ્ટીકરણ છે : —

“ रोगश्चासौ आतङ्कश्च–कृच्छ्रजीवितकारीति समासः, कण्डूः–कण्डूतिः; दाहः प्रतीतः, तत्प्रधानेन पित्तज्वरेण ”

સુ ૯૪નું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે આ વિવૃતિ-(પત્ર ૧૮૭અ)માં અપાયું છે :—

“ सासेत्यादि श्लोकः प्रतीतार्थः, नवरं 'अजीरए' त्ति आहारपरिणतिः; 'दिट्ठीमुद्धसूले'-त्ति दृष्टिशूलं–नेत्रशूलं, मूर्द्धशूलं - मस्तकशूलम्; ' अकारए ' त्ति भक्तद्वेषः; अच्छिवेयणेत्यादि श्लोकातिरिक्तम्; ' कण्डु ' त्ति खर्जुः, 'दउदरे' त्ति दकोदरं जलोदरमित्यर्थः। ”

ઉવાસગદસા(અ. ૪)માં એક દેવ સુરાદેવ નામના શ્રાવકને દમ ભીડાવતાં કહે છે કે હું તારા શરીરમાં એક સામટા સોળ રોગ દાખલ કરીશ. આ પ્રસંગને લગતો રોગ સંબંધી ઉલ્લેખ નીચે પ્રમાણે છે :—

“ सासे कासे जाव कोढे ”

આ સંબંધમાં અભયદેવસૂરિકૃત વ્યાખ્યા (પત્ર ૧૩૮ આ) નીચે મુજબ છે :—

“ सासे इत्यादौ यावत्करणादिदं दृश्यम्—
सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसाऽजीरए दिट्ठीमुद्धसूले अकारए ॥
अच्छिवेयणा कण्णवेयणा कण्डू उदरे कोढे।
अकारकः—अरोचकः । ”

વિવાગસુય(સુય૦ ૧, અ. ૧, સુ. ૫)માં રાષ્ટ્રકૂટ ઈક્કાઇને સોળ રોગ થયાનો નીચે મુજબ ઉલ્લેખ છે : —

“ ततेणं तस्स इक्काईयस्स रट्ठकूडस्स

[1] આ ભાવનગરની ' જૈન આત્માનંદ સભા ” તરફથી વિ. સં. ૧૯૯૭માં પ્રકાશિત આવૃત્તિનો પત્રાંક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अन्नया कयाई सरीरगंसि जमगसमगमेव सोलस रोगायङ्का पाउब्भूया, तं जहा—

सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसा अजीरए दिट्ठीमुद्धसूले अकारए॥
अच्छिवेयणा कण्णवेयणा कण्डू उदरे कोढे॥

આને અંગેની અભયદેવસૂરિકૃત વૃત્તિ ( પત્ર ૪૦ આ)માં નીચે પ્રમાણે વિવરણ છે :—

"'रोगायङ्क:' त्ति रोगा:—व्याधयस्त एवातङ्का:-कष्टजीवितकारिण:। 'सासे' इत्यादि श्लोक:। जोणिसूले त्ति अपपाठ:, 'कुच्छिसूले' इत्यस्यान्यत्र दर्शनात्। 'भगन्दले' त्ति भगन्दर:। 'अकारए' त्ति अरोचक:। 'अच्छिवेयणा' इत्यादि श्लोकातिरिक्तम्। 'उदरे' त्ति जलोदरम्।"

આ પ્રમાણેના ઉલ્લેખો ઉપરથી નીચે મુજબની બાબતો તારવી શકાય છે :—

(૧) જૈન આગમો પૈકી ના૦ ધ૦, ઉ૦ દ૦ અને વિ૦ સુ૦ એ ત્રણ આગમોમાં સોળ રોગનાં નામ ગણાવાયાં છે.

(૨) સોળ રોગમાંથી ૧૧ રોગનો નિર્દેશ પદ્યમાં 'અનુષ્ટુપ્'માં કરાયો છે.

(૩) સોળ રોગનાં નામ પ્રાકૃતમાં અપાયાં છે. એ નામો હું એના સંસ્કૃત સમીકરણ તેમજ ગુજરાતી અને અંગ્રેજી અર્થ સહિત નીચે પ્રમાણે સૂચવું છું :—

**सास** (**श्वास**)=શ્વાસને લગતો રોગ=દમ=asthma.

**कास** (**काश**)=ખાંસી=cough.

**जर** (**ज्वर**)=જ્વર યાને તાવ=fever.

**दाह** (**दाह**)=દાહ યાને બળતરા=burning sensation.

**कुच्छिसूल** (**कुक्षिशूल**)=પેટમાં શૂલ=pain in the abdomen=colic.

*__भगन्दर__ (__भगन्दर__)=ભગંદર=fistula in ano.

**अरिस** (**अर्शस्**)=અર્શ યાને હરસ કિંવા મસા=piles.

**अजीरअ** (**अजीर्ण**)=અજીર્ણ=indigestion.

**दिट्ठिसूल** (**दृष्टिशूल**)=નેત્રમાં શૂલ=pain in eyes.

**मुद्धसूल** (**मूर्धशूल**)=મસ્તકમાં શૂલ=head-ache.

+__अकारअ__ (__अकारक__)=અરુચિ યાને ભોજનની અનિચ્છા=loss of lappe ite.

**अच्छिवेयणा** (**अक्षिवेदना**)=નેત્રમાં વેદના=sore-eye (?)

**कण्णवेयणा** (**कर्णवेदना**)=કાનમાં વેદના=pain in ears.

[1]**कण्डू** ([2]**कण्डू**)=ખુજલી=itching.

[3]**दउकर** (**दकोदर**)=જલોદર=dropsy.

**कोढ** (**कुष्ठ**)=કોઢ=leprosy.

(૪) 'કુચ્છિસૂલે'ને બદલે જોણિસૂલે એવો પાઠ છે, પણ તે અપપાઠ—અશુદ્ધ પાઠ છે.

ઉત્તરજ્ઝયણ( અ. ૨૦ )ના ૧૯મા પદ્યમાં [4]અચ્છિવેયણા અને દાહ એ બે રોગનો ઉલ્લેખ છે.

માનતુંગસૂરિકૃત નમિઊણસંથવના બીજા પદ્યમાં 'કુટ્ઠ'ને મહારોગ કહ્યો છે અને એના અંતિમ (૨૪મા)

---

* આને બદલે भगन्दल શબ્દ પણ જોવાય છે.

+ આને બદલે अगारअ શબ્દ પણ વપરાય છે.

૧-૨ આને બદલે कण्डु શબ્દ પણ વપરાય છે.

૩ 'उदर' એવો પણ પાઠ છે. એનો અર્થ 'જલોદર' છે.

૪ આનો ઉલ્લેખ ઉત્તર૦(અ. ૨૦)ના ૨૦મા પદ્યમાં પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદ્યમાં વ્યાધિની સંખ્યા *૧૦૮ની દર્શાવાઈ છે. ઉપર્યુક્ત માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્રના ૪૧મા પદ્યમાં ' જલોદર 'નો ઉલ્લેખ કર્યો છે.

વર્ણક-સમુચ્ચયના નામથી પ્રકાશિત પુસ્તક-(ભા. ૧)માં રોગોની ત્રણ યાદી જોવાય છે, તેમાં ૭૧મા પૃષ્ઠની યાદી આગમિક ઉલ્લેખનું સ્મરણ કરાવતી હોઈ એ હું સૌથી પ્રથમ નોંધું છું :—

" કંડૂ, કમલ, કાસ, સ્વાસ, દાધ, જ્વર, ભગંદર, જલોદર, ગુલ્ફીલક, કુક્ષિશૂલ, દષ્ટિશૂલ, શિરઃશૂલ, કર્ણશૂલ, દંતવેદના, અજીર્ણું, અરોચક, કુષ્ટ(૪) રોગ પ્રમુખ રોગાઃ "

પૃ. ૩૬માંની યાદી આથી લાંબી છે, અને એ જાતજાતના વાત અને કોઢનાં નામ પૂરાં પાડે છે. એ યાદી નીચે મુજબ છે :—

" अथ रोगाः—કસ, સ્વાસ, જ્વર, ભગંદર, ગુલ્મવાત, ગલ્લવાત, રક્તવાત, ભસ્મવાત, ઉષ્ણવાત, અગ્નિવાત, લોહવાત, લૂતિવાત, હર્ષાવાત, આમવાત, શોફવાત, વિગંછાવાત, કફવાત, શાકિનીવાત, રક્તપિત્ત, અમ્લપિત્ત, રાજિકાપિત્ત, કૃમિકુષ્ટ, શ્વેતકુષ્ટ, કૃષ્ણકુષ્ટ, ખસકુષ્ટ, મહોદર, જલોદર, કઠોદર, વાતોદર, ભગંદર, અતિસાર, મૂત્રકૃચ્છ્ર, ઉદરશૂલ, હૃદયશૂલ, સંધશૂલ, પૃષ્ઠશૂલ, શિરઃશૂલ, શિરોરોગ, નેત્રરોગ, કર્ણરોગ, દશનરોગ, ઉષ્ટરોગ, કપોલરોગ, જિહ્વારોગ, કંઠરોગ, પ્રમેહરોગ, ગ્રંથિરોગ, અરોચક, ક્ષયરોગ एवंविध-रोगाः "

૧૩૨મા પૃષ્ઠમાં રોગો નીચે પ્રમાણે ગણાવાયા છે —

૧૨ જ્વર, ૧૩ સંનિપાત, ૧૮ પ્રમેહ, ૫૦૦૦ આમવાત, ૮૪ વાયુ, ૩૬ મહાવાયુદોષ, ૪૫ ખાધા-વિકાર, ૧૦૮ કોડિ, ૫ ગુલ્મક્ષયન, ૨૦ શ્લેષ્મા, ૮ ઉદર, ૧૦ વ્યાધિ, ૧૦૦ સઈમઉ મૃત્યુ, ૭૬ ચક્ષુરોગ, કાસ, સ્વાસ, હારિષ, અતિસાર, ગુડ, ગૂમડ, દેહરોગા "

આ ત્રણ યાદીઓ પૈકી પહેલી બે આશરે વિક્રમની સોળમી સદી જેટલી તો પ્રાચીન છે, જ્યારે છેલ્લી યાદી વિ. સં. ૧૬૭૫માં લખાયેલી સભા-શૃંગારની હાથપોથીમાંથી ઉધ્ધૃત કરાયેલી છે, પહેલી બે યાદી ' વિવિધ વર્ણક ' તરીકે નિર્દેશાયેલી કૃતિ-માંની છે. એ કૃતિ તેમ જ સભાશૃંગાર પણ જૈન-રચના છે, એમ એમાં આવતા જૈન દર્શનને માન્ય ઉલ્લેખો જોતાં જણાય છે.

* આ ૧૦૮ નામ કોઇ જૈન કૃતિમાં હોય એમ જાણવામાં નથી.

दर्शनाद्हरते चित्तं स्पर्शनाद्धरते धन ।
संगमाद्धरते सत्वं नारी प्रत्यक्षराक्षसी ॥

(વસંતતિલકા)

મોહીત થાય ક્ષણમાં મન જોઈ નારી,
સ્પર્શે અપાય ધનને થઇને ભીખારી;
સંગે થવાય બલહીન જુઓ વિચારી,
પ્રત્યક્ષ છે સબલ રાક્ષસીરૂપ નારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર

૧-૨-૩-૪. **શ્રી નમસ્કાર મહામંત્ર દ્વાત્રિંશિકા, શુભ નામસ્મરણ સ્તોત્ર, તીર્થવંદના પંચાશિકા અને શ્રી જિનકલ્યાણુક સ્તુતિ ચતુર્વિંશતિકા**–રચયિતા પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિવર્ય, પ્રકાશક–શ્રી જ્ઞાનોપાસક સમિતિ–બોટાદ. પ્રાપ્તિસ્થાન–શા બાલુભાઈ રૂગનાથ, અંબાજીનો વડ, ભાવનગર. મૂલ્ય : દરેક પુસ્તિકાના બે-બે આના.

દરેક પુસ્તિકાઓ લાલ શાહીમાં સુંદર રીતે છાંપવામાં આવી છે. પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીનો આ દિશાનો પ્રયાસ સૌ કોઈની પ્રશંસા માગી લે તેવો છે, કારણુ કે બાળજીવોને સમજાવવાની અને સાથોસાથ કંઠાગ્ર પણુ થઈ શકે તેવી પદ્યરચનાઓ કરવાની રીતી સુગમ અને સરસ છે.

પ્રથમ પુસ્તિકામાં નવકારમહામંત્રનું સ્વરૂપ અને તેનું માહાત્મ્ય દર્શાવી, નવકારમહામંત્રનો ગરબો, છંદ વિગેરે આપી પુસ્તિકાના ઉપયોગિતામાં વધારો કર્યો છે.

પ્રાતઃકાળમાં જે જે મહાપુરુષો અને મહાસતીઓનું આપણે રાઈપ્રતિક્રમણુ કરતાં શ્રી ભરહેસરની સજ્ઝાયમાં સ્મરણુ કરીએ છીએ તે જ શૈલીએ કાવ્યમય વર્ણન આ પુસ્તિકામાં કરવામાં આવ્યું છે. ઉપરાંત સોળ સતીનું અષ્ટક પણુ આપવામાં આવેલ છે.

“ સકલતીર્થ ”ને આધારે તે જ શૈલીથી આ ત્રીજી પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. પચાશ કડીનું આ કાવ્ય ભાવવાહી અને હૃદયંગમ છે. ઉપરાંત સૂત્ર આરાધના, ખમતખામણાં, અને પ્રાંતે ઉચ્ચ ભાવના આપવામાં આવી છે.

શ્રી જિનકલ્યાણુક સ્તુતિ ચતુર્વિંશતિકા નામની આ ચોથી ટેકટમાં પૂજ્ય પંન્યાસશ્રી મહારાજશ્રીએ, ચોવીશે તીર્થંકર પરમાત્માઓના કલ્યાણુકોને સરસ રીતે ગુંથી લીધાં છે અને બાળકો હોંશે હોંશે ગાઈ શકે અને સ્તુતિ કરી શકે તેવી પદ્ધતિ અપનાવી છે. છેલ્લે ચોવીશે ભગવંતોના પાંચે કલ્યાણુકોની તિથિઓનો કોઠો આપી સૌ કોઈને માટે ઉપયોગી પુસ્તિકા બનાવી છે. એકંદરે પૂજ્યશ્રીનો આ પ્રયાસ આવકારપાત્ર અને આદરણીય છે.

૫. **મહામંત્રની આરાધના**—સંકલનાકાર પરમપૂજ્ય મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ. પ્રકાશક–શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, ઈંદોર. ક્રાઉન સોળ પેજી સાઇઝ. પૃષ્ઠ આશરે ૭૫. દ્વિરંગી આકર્ષક છાપકામ. મૂલ્ય–બાર આના. પ્રાપ્તિસ્થાન–શા બાલુભાઈ રૂગનાથ, અંબાજીનો વડ, ભાવનગર.

મહામંત્ર નવકારના અચિંત્ય પ્રભાવ ને માહાત્મ્યથી કોણુ અજાણુ છે? પૂજ્ય વિદ્વાન મુનિરાજશ્રીએ આ સુંદર પુસ્તિકામાં નવકાર લઘુતપની શાસ્ત્રીય આરાધના–વિધિ તેમજ મહામંત્રના જાપ સંબંધી રહસ્યપૂર્ણ શાસ્ત્રીય તત્વ વિચારણા રજૂ કરી છે. છેલ્લે છેલ્લે પરિશિષ્ટો–મહામંત્રનો મહિમા, ધૂન, પ્રાચીન છંદો, દિશા–આસન વિગેરે વિધિ દર્શાવી સરલ આત્માઓ પણુ સમજી શકે તેવી શૈલી અપનાવી પુસ્તકની ઉપયોગિતા વધારી છે. મઢાવીને ઘરમાં રાખી શકાય તેવો મહામંત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમસ્કારનો સરસ બ્લોકપ્રીન્ટ પણ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે. પૂજ્ય મુનિરાજશ્રીનો પ્રયાસ આદરણીય છે અને સૌ કોઇએ આ પુસ્તક અવશ્ય વસાવી લેવા જેવું છે.

૬. **શ્રી वीतरागस्तव:**—( કીર્તિકલા ટીકા યુક્ત ) સંપાદક મુનિરાજ શ્રી કીર્તિચંદ્રવિજયજી. પ્રાપ્તિસ્થાન–શા જનકલાલ કાંતિલાલ, પેટલાદ. ક્રાઉન સોળ પેજી. પૃષ્ઠ આશરે ૧૮૦.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે રચેલા શ્રી વીતરાગ સ્તોત્ર ઉપર પૂજ્ય શ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિવર્યે રચેલી ટીકા સહિત આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ટીકા વિદ્વત્તાવાળી છે. અભ્યાસકોને માટે ઉપયોગી છે. સંપાદક મુનિશ્રીનો પ્રયાસ સારો છે.

૭. **द्विात्रिंशिकात्रयी** :—(કીર્તિકલા ટીકા યુક્ત) સંપાદક મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજે જે બે બત્રીશીઓ રચી છે તે અયોગ વ્યવછેદ અને અન્ય યોગવ્યવછેદદ્વાત્રિંશિકાઓ ઉપર પૂજ્ય શ્રી કીર્તિચંદ્રગણિવર્યે જે વિદ્વત્તાપૂર્ણ ટીકાઓ રચી છે, તે આમાં પ્રકાશિત કરવામાં આવી છે. બંને બત્રીશીઓ સમજવામાં ગહન છે એટલે વાચકોના હિતાર્થે પૂજ્ય મુનિરાજશ્રીએ પ્રાંતે બંને બત્રીશીઓનો હિંદી અનુવાદ પણ આપ્યો છે. જિજ્ઞાસુઓ અને વિદ્વાનો માટે આ પુસ્તક વસાવી અધ્યયન કરવા જેવું છે. શ્રી હીરાલાલ ર. કાપડિયાએ સુંદર પ્રસ્તાવના લખી પુસ્તકની શોભા વધારી છે.

---

# સમાચાર–સાર

**અમદાવાદ** : સં. ૨૦૧૬ મહાવદી ૦))ને શુક્રવારના રોજ શ્રી પ્રેમાભાઈ હોલમાં શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ રજતજયંતી ઉત્સવ તથા પં. શ્રી વિકાસવિજયજીના સન્માનનો ઉત્સવ ઊજવાયો હતો. શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ તે મેળાવડાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. જૈન–જૈનેતરોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રમુખસ્થાનેથી શેઠશ્રીએ જણાવ્યું હતું કે " આવું સુંદર પંચાંગ તૈયાર કરવાનું કામ મુનિશ્રી ૨૫ વર્ષથી કરતા આવ્યા છે, તે માટે તે ધન્યવાદને પાત્ર છે. જે જૈન સમાજની સેવા અર્થે આ પ્રવૃત્તિ એમણે કરી છે તેમણે એમના આ કાર્યને સાર્થક બનાવવું જોઈએ. મારા જાણવા પ્રમાણે આખા ભારતમાં જૈન પંચાંગ આ એક જ છે. વિદ્વાનો તો કર્તવ્યબુદ્ધિથી પોતાનું કામ કર્યે જાય છે પણ સમાજ તેમની કદર કરતો રહે તો વિદ્વાનોને પરિશ્રમ કરવામાં ઉત્તેજન મળે, તેનો ઉત્સાહ વધે. "

**ભાવનગર** : શ્રી દાદાસાહેબ જિનાલયની બાજુની જગ્યામાં શેઠશ્રી હીરાલાલ અમૃતલાલ પરશોત્તમ તરફથી ' અમૃત નિવાસ ' અને ' જડાવ નિવાસ ' એમ બે આરોગ્યભુવનનું ખાતમુહૂર્ત તા. ૨૯–૨–૬૦ના રોજ શ્રી વસંતભાઇએ કર્યું હતું. આરોગ્યભુવનની આ યોજના માટે શ્રી જૈન સંઘે જમીન આપી છે અને શેઠશ્રી હીરાલાલ અમૃતલાલની આર્થિક સહાયથી શ્રી જૈન સંઘે આ યોજનાનું કામ ઉપાડી લીધું છે.

**મુંબઇ** : શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૨૧મું અધિવેશન તા. ૨–૩–૪ એપ્રીલના ૧૯૬૦ના રોજ મળશે. તેના પ્રમુખ તરીકે કલકત્તાનિવાસી બાબુ નરેન્દ્રસિંહજી સીંઘીની વરણી થઇ છે. અધિવેશન લુધીયાણા( પંજાબ )માં મળનાર છે.

---

**મરણ નોંધ**–ભાવનગરનિવાસી કપાસી નંદલાલ ખુશાલભાઇ ગત પોષ સુદી ૧૪ ને મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. સ્વભાવે માયાળુ અને ધર્મપ્રેમી હતા. તેમના આત્માને પરમાત્મા પરમ શાન્તિ અર્પે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# અંતરના ચમકારા

આત્મારૂપ દીવડામાં સ્વાધ્યાયરૂપ ઘૃત પૂરીને તેને પ્રકાશિત રાખો, જ્ઞાનની એક જ ચીનગારી સમસ્ત અંધકારનો પળવારમાં નાશ કરે છે.

હું તો આત્માની વસંતવાડીમાં વિચરવા, પ્રેમ પુષ્પોની સૌરભ લેવા, અને ચિત્તની પ્રસન્નતાપૂર્વક શાંતિ લેવા નિર્વિકલ્પ અખંડ આનંદ લેવા માંગું છું.

મારા જ્ઞાન સ્વભાવની રંગભૂમિમાં અનેક જ્ઞેયો નૃત્ય કરી રહ્યા છે અને હું તે બધા દૃશ્યો દ્રષ્ટાભાવે નીરખી મારા સ્વભાવમાં મગ્ન રહેવા માંગું છું.

કરેલા કર્મો જ ભોગવાય છે, તારા કરેલા કર્મોનું તેં જ રચેલું નાટક સંસારભૂમિમાં ભજવાઇ રહ્યું છે તેનો તું દ્રષ્ટા બન અને શાંત રસ પ્રાપ્ત કરી નાટક પૂર્ણ કર.

કોઇ પણ જીવાત્માની આશાતના–વિરાધના કરીશ નહિ. એ બધાય નિશ્ચયથી આત્મ ભગવાન છે, ૐ શુદ્ધ ચિદાનંદમય, અભેદ પ્રેમમય, નિર્વિકલ્પ શાંતિમય, સહજ ચૈતન્યસ્વરૂપ તેમાં શક્તિરૂપે બિરાજમાન છે

અમરચંદ માવજી શાહ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only